" સતર્કતા જાગૃતિ સપ્તાહ " (Vigilance Awareness Week )ની ઉજવણી બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ક્રમાંકઃ ગતપ/૧૦૨૦૧૪/વીસી-૬૫/હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ1 5 OCT 2014

**પરિપત્રઃ**

ભ્રષ્ટાચારના નિર્મૂલન માટે પ્રજામાં ભ્રષ્ટાચાર વિરુદધ જનજાગૃતિ લાવવા કેન્દ્રીય સતર્કતા આયોગ દવારા તા.૨૭/૧૦/૧૪ થી તા.૦૧/૧૧/૧૪ દરમ્યાન " સતર્કતા જાગૃતિ સપ્તાહ" (Vigilance Awareness Week ) ઉજવવાનું નકકી કરેલ છે, જે અંતર્ગત રાજ્ય સરકારે પણ આ સપ્તાહ સમગ્ર રાજયમાં ઉજવવાનો નિર્ણય કરેલ છે.

૨. સર્તકતા જાગૃતિ સપ્તાહ દરમ્યાન ભ્રષ્ટાચાર વિરોધી લડત માટે જનજાગૃતિ લાવવાનો મુખ્ય આશય છે અને તે માટે ભ્રષ્ટાચારની હાનિકારક અસરો વિશે જનસમુદાયમાં જાગૃતિ આવે તે જોવાનો છે. આ ચળવળ માટે સત્તા મંડળોએ વર્ષ દરમ્યાન નીચે મુજબની કાર્યરીતિઓનું આયોજન કરવાનું રહેશે.

- સતર્કતા જાગૃતિ સપ્તાહ દરમ્યાન સર્વે અધિકારીઓ/ કર્મચારીઓને, સબંધિત વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી/ ખાતાના વડાઓ/ કચેરીના વડાઓએ આ સાથે સામેલ નમુના મુજબની પ્રતિજ્ઞા (શપથ) લેવડાવવાની રહેશે અને આ પ્રમાણેની પ્રતિજ્ઞા લેવડાવવા અંગે સતર્કતા જાગૃતિ સપ્તાહ દરમ્યાન અનુકુળ તારીખ અને સમયનું આયોજન કરવાનું રહેશે.
- કચેરીના મુખ્ય સ્થળે ભ્રષ્ટાચાર વિરોધી બેનર/પોસ્ટરો લગાવવા.

❖ ભ્રષ્ટાચાર વિરોધી સેમીનારનું આયોજન કરવું અને સેમીનારમાં ભાગ લેનારાઓને વ્યાખ્યાન આપવા સ્થાનિક પ્રતિષ્ઠિત વ્યકિત વિશેષને આમંત્રણ આપવું.

❖ ભ્રષ્ટાચાર વિરોધી વિષય વસ્તુ રાખી સ્પર્ધાત્મક હરીફાઈનું આયોજન કરવું. કચેરીના કર્મચારીઓ વચ્ચે ચર્ચા–સભાઓનું આયોજન કરવું તથા શાળા/ કોલેજમાં વિદ્યાર્થીઓ વચ્ચે પણ આવા પ્રકારની કાર્યરીતિ હાથ ધરવી અને સર્વશ્રેષ્ઠને ઈનામોની વહેંચણી કરવી.

❖ આ સમયગાળા દરમ્યાન ખાસ જર્નલ બહાર પાડવુ.

❖ સ્થાનિક ખાનગી મંડળો/ સંસ્થાઓ અને કર્મચારી એસોસીએશનોને સતર્કતા જાગૃતિ અભિયાનમાં જોડાવા જણાવવું.

❖ લાંચ રુશ્વત વિરોધીને ફરિયાદો કરવા માટે ટોલ ફ્રી હોટલાઈન/વેબસાઈટની વ્યાપક પસિદ્ધિ કરવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ:–ઉપર મુજબ

(નિખિલ ભટ્ટ )
સંયુકત સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- સચિવાલયના સર્વે વિભાગો( આ સુચનાઓ તેમના ખાતાના વડાઓને તથા તાબા હેઠળની તમામ કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ( તેમના તાબા હેઠળની તમામ કચેરીઓને આ સૂચનાઓ પરિપત્રિત કરવા વિનંતી સહ)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર( પત્ર દવારા)
- ગૃહ વિભાગની ક– શાખા.
- આઈ.ટી.સેલ.–શાખા, ગૃહ વિભાગ. વેબસાઈટમાં મુકવા સારૂ.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર વિના મુલ્યે વર્તમાન પત્રમાં પ્રસિદ્ધિ આપવા સારૂ.

# શ પ થ

અમે, ભારત દેશના જાહેર સેવકો, નિષ્ઠાપૂર્વક શપથ લઈએ છીએ કે, બધા ક્ષેત્રોની અમારી કામગીરીમાં, અમે સતત નિષ્ઠા અને પારદર્શિતા લાવવા પ્રયત્નશીલ રહીશું // અમે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાંથી, ભ્રષ્ટાચારના નિર્મૂલન માટે, અવિરતપણે કામ કરવાના શપથ લઈએ છીએ // અમે સદાય સતર્ક સાવધ રહીશું ,અને અમારી સંસ્થા, તંત્રના વિકાસ અને ગરીમા માટે કામ કરીશું , અને અમારા સામુહિક પ્રયાસોથી, અમારી સંસ્થાને ગૌરવ પ્રદાન કરીશું // અને અમારા દેશબાંધવોને, નીતિપૂર્ણ સેવા પૂરી પાડીશું // અમે અમારી ફરજો સંનિષ્ઠપણે , અને ભય કે પક્ષપાત વિના બજાવીશું. //